# ફાર્મ ટેકનોલોજી ટ્રેનીગ સેંટર, નેનપુર-સણસોલી ખાતે ભુમસ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને કૃષિ યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ, પ્રાકૃતિક ખેતી અને નિદર્શન કાર્યક્રમ યોજાયો

આણંદ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરીયા સાહેબશ્રીના માર્ગદર્શન હેઠળ આણંદ કૃષિ યુનિવર્સિટીના ફાર્મ ટેકનોલોજી ટ્રેનીગ સેંટર, નેનપુર-સણસોલી દ્વારા મહુધા તાલુકાના ભુમસ ગામની માધ્યમિક શાળાના વિદ્યાર્થિઓને આણંદ કૃષિ યુનિવર્સિટીની પ્રવૃત્તિઓ તેમજ પ્રાકૃતિક ખેતી અને નિદર્શન  કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૦ વિદ્યાર્થીઓ, ૭ વિદ્યાર્થીનીઓ અને ૨ શિક્ષકોએ ખુબ જ ઉત્સાહભેર ભાગ લીધેલ  હતો.

ડૉ. ડી. બી.પ્રજાપતિ, સહ સંશોધન વૈજ્ઞાનિક અને યુનિટ અધિકારીશ્રીએ આણંદ કૃષિ યુનિવર્ષિટીની શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ની પ્રવૃતિઓ તેમજ બાગાયત ખેતીના પાકો  વિશે માહિતી આપેલ હતી. ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રીએ પ્રાકૃતિક  ખેતી માટે જીવામૃત બનાવવા વિશે માહિતી આપેલ હતી. ત્યારબાદ  જીવામૃત બનાવવાનું જીવંત નિદર્શન બતાવેલ હતુ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને અમલીકરણ ડૉ. ભરતભાઇ ઠક્કર, મદદનીશ વિસ્તરણ શિક્ષણ શાસ્ત્રી અને ડૉ. તારક પટેલ, એસોસિએટ, કૃષિ સંશોધન કેન્દ્ર, સણસોલીએ કર્યું હતુ.






